શ્રી વૈશ્નવો માટે સુંદર દેવ છબીઓવાળો,

શ્રી રામ-રસ.

ભાગ ૨ જો.

છપાવી પ્રસીદ્ધ કરનાર

પટેલ રામલાલ હરીલાલ સુધારક,

તથા

પા. ફુલચંદ મોતીચંદ.

અમદાવાદ.

શ્રી વૈષ્ણવો માટે (સચીત્ર) ગ્રંથ.

શ્રી રામ-રસ.

ભાગ ૨ જો.

સાખી

તન તીર આયુષ્ય અંજલી, ટપકત શ્વાસોશ્વાસ;
સો શ્વાસ લગી નામ વિના, વૃથા ન ખોઓ હરિદાસ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

પટેલ રામલાલ હરીલાલ સુધારક.

તથા

પટેલ ફુલચંદ મોતીચંદ—અમદાવાદ.

સંવત ૧૯૭૧ સન ૧૯૧૪.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

કીં. ભાગ ૧ તથા ૨ ની ૯ પાઇ. છુટક ૬ પાઇ.

[illegible] સોની મણિલાલ ભુદરદાસ. ઠે. શાહપુર નાની રંગીલા પોળ.

કીર્તન ૧૯ મું.

એસી બની જાયગી, ગોવીંદ ગુણ ગાયસે,
ધ્રુવકી બન ગઇ પ્રહ્લાદકી બન ગઇ;
પુતનાકી બન ગઇ દુધકે પીલાયસે. એસી.
ગજકી બન ગઇ ગોપીકી બન ગઇ,
કુબજાકી બન ગઇ ચંદન ચઢાયસે. એસી.
પાંન્ડવકી બન ગઇ વીદુરકી બન ગઇ;
કરમાકી બન ગઇ ખીચડા ધરાયસે. એસી.
અહલ્યાકી બન ગઇ સબરીકી બન ગઇ,
ગુણકાકી બન ગઇ પુષ્પો ચઢાયસે. એસી.
મીરાંકી બન ગઇ સેનાકી બન ગઇ,
નરસીંહકી બન ગઇ કીર્તન સુનાયસે. એસી.
સંકાકી બન ગઇ બંકાકી બન ગઇ,
અજામીલકી બન ગઇ નારાયણ પુકારસે. એસી.
સુદામાકી બન ગઇ સજનાકી બન ગઇ,
તુલસીકી બન ગઇ પવન કુમારસે. એસી.

"જ્ઞાનમન્દિર" પ્રિન્ટીંગ પ્રેસમાં રા. શંકરરાય
અમૃતરાયે છાપ્યો. સાંકડીશેરી રોડ—અમદાવાદ.



કીર્તન ૨૦ મું.

જય ગોવીંદ પરમનંદ સંતને સુખકારી,
સંતને સુખકારી રામા સંતને સુખકારી. જય.
ગ્વાલ બાલ સંગ ખેલે નંદજીકે લાલા. જય.
કાલીનાગ નાથ લાએ કૃક્ષ મોરે પ્યારા, જય.
ગ્રહસે ગજરાય લીઓ કરમાં બંસી લાલે. જય.
ધન દાસ સુરકે સ્વામી મોર મુગટ વાલે. જય.

કીર્તન ૨૧ મું.

કેમ નાખી દેવાય, ઉપાડેલ ગાંઠડી વેઠની; (૩) રે. કેમ.
અણુતોલી ગાંઠડીને, અણવાણું ચાલવું;
લુ વાયે મહા જેઠની રે. કેમ.
નબળાની હોય તો નાખી દઇએ રે વ્હાલા;
આતો સામળશા શેઠની રે. કેમ.
મલ્યો મને મેતા **નરસીંહનો** સ્વામી;
ઝાલુ ઝપડાવી મારા જીવની રે. કેમ.

કીર્તન ૨૨ મું.

તાળી પાડીને રામનામ બોલજો રે,
ત્યારે અંતરના પડદા ખોલજો રે. તાળી.
જેમ ખેતરમાં દાણા થાય છે રે,
તેને હુડા આવીને ખાય છે રે. તાળી.
તાળી પાડે કે તરત ઉડી જાય છે રે,
આ દેહરૂપી દાણા ખાય છે રે. તાળી.
પાપરૂપી પંખી પરમાણુજો રે,
તેને તાળી પાડીને ઉડાડજો રે. તાળી.
નીત પ્રીતે હરી ગુણ ગાય છે રે,
ચૌદ લોકનો નાથ ખુશી થાય છે રે. તાળી.
તેનો વ્રથા જન્મ વહી જાય છે રે,
રૂષીરાજ ભજનમાં ગાય છે રે. તાળી.



કીર્તન ૨૪ મું.

આવોને મારા રઢીયારા રણછોડ રે,
વાલા તમારી જુગમાં ન મળે જોડ રે
પીળાં પીતાંબર સોભે નંદાના લાલા રે,
મેં બલીહારી જાઉં શ્રી વજનાબાલા રે. આવો.
મોર મુગટને કાંને કુંન્ડ વાળી રે,
અમાહો વાલા ગોકુળના ગીરધારી રે આવો.
હાથે કંકણુ બાએ બાજુ બંધ રે,
નીરખે તેનાં નરણાં થાય પ્રસન રે. આવો.
ફુલના ગજરા ફુલના હાર ને તોરા રે,
કેડે શોભે સોનાના કંદોરા રે. આવો.

શ્રીકમ તારા તેજતણો નહી પાર રે,
માણેક મોતી હીરલે જડીયા હાર રે. આવો.
ફુલે ગુલાબને ફુલે ભરાવું ફુલવાડી રે,
જન રૂગનાથને દરસન દેજો દાડી રે. આવો.

કીર્તન ૨૪ મું.

તારા મનને જાંણે મરવું નથી રે,
જેમ પીપળના પાનને ખરવું નથી રે. તારા
જે ઠેકાણે ઓઢાડી મંગળ ઘાટડી રે,
તે ઠેકાણે પોઢાડે તારી ઠાઠડી રે. તારા.
જેરે ઠેકાણે વાજીંત્ર તારા વાગીયાં રે,
તેરે ઠેકાણે લેવાસે તારાં છાજીઆં રે. તારા.
તારે વાલી વીના કેમ ચાલસે રે,
તેનો ચુડો ભાગી ખુણે ઘાલસે રે. તારા.
જે ઠેકાંણે લખી કંકોત્તરી રે,
તે ઠેકાંણે લખાસે કાળોતરી રે તારા.
રૂષીરાજનાં વચન સત્ય જાંણજો રે,
ગુણ હરીના ગાએલા સાથે આવશે રે. તારા.

રામ ઝરૂંખે બેઠકે, સબકા મજરા લેત,
જેસી જીસને ચાકરી, એસા ઇસકું દેત. સીયાવર.



કીર્તન ૨૫ મું.

ક્યારે તમે પરવારસો રે, આ કાળ તારી કેડે પડયો છે;
દીન દીન ઘણા ગુચાસો રે. " "
દુરીયોધન સીર છત્ર ધરાતું, તોએ ત્રણ ન તુટી. કાળ.
ચઉદ ચોકડીપર રાજ્ય રાવણનું, કાળે નાખ્યો તેને કુટી. કાળ.
એક મળેતો અનેકની આસા, પરણેતો પુત્રોની. કાળ.
પુત્રના પુત્રની વાડી જોવી છે, જોવા છે જુદા તમાસા. કાળ.
આમડાહ્યાને દેસડાહ્યા થવું છે, ડોળવાછે દુખના દરીઆ. કાળ.
દાસનોદાસ કહે ગુરૂ પરતાપે, આ ભવછે દુખના દરીઆ. કાળ.

કીર્તન ૨૬ મું.

તુલસી મગન ભયો, રામગુણ ગાયસેં;
રામગુણ ગાયસેં, ગોપાલ ગુણ ગાયસેં. તુલસી.
કોઇ બેસે હાથી ઘોડા, પાલખી મંગાયસેં;
સાધુ ચલે નંગે પગે, કીડીયાં બચાયસેં. તુલસી.
કોઇ ઓઢે સાલ દુસાલા, કામરી મંગાયસેં;
સાધુ ઓઢે ભગવી કફની, ભભુત લગાયસેં. તુલસી.
કોઇ પાવે સીરા પુરી, લાડવા બનાયસેં;
સાધુ પાવે સુકા ટુકડા, ભોગ લગાયસેં. તુલસી.
સબ કોઇ નામ લેવે, દામ ઓર કામસેં;
તુલસીજી ન્યાલ ભયે, સીતા રામ નામસેં. તુલસી.

કીર્તન ૨૭ મું.

ભાવે ભજતાં ત્રીકમનાથ શરમ તેમાં શાનીરે,
વાલો રીઝવતાં વીશ્વનાથ શરમ તેમાં શાનીરે.
ધનવાન અને વીદ્વાન, શ૦ સેવે બુઢ્ઢા અને જવાન. શ૦
ભજી ગયા જેને ભુપ, શ૦ ધ્રુવ પ્રહ્લાદ રાજાના પુત્ર. શ૦
ઓધવ અક્રુર અને અમરીષ, શ૦ રાજા ખંડવાંગને પરીખ. શ૦
તજ્યુ ભરતે જેને માટે રાજ, શ૦ મીરાંબાઇએ ન રાખી લાજ. શ૦
કહે દાસ નથી બુરૂ કામ, શ૦ ભાવે લેતાં પ્રભુનુ નામ. શ૦
કરજોડી કહે છે દાસ, શ૦ અંતે જાવુ છે પ્રભુની પાસ શ૦



કીર્તન ૨૮ મું.

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજમન હરણ ભવભય દારૂણં,
નવકંજ લોચન કંજમુખ કરકંજ પદકંજારૂણં.
કંદર્પ અગણિત અમિત છબિ નવ નિલ નીરદ સુંદરનં,
પટપીત માનહુ તડિત રૂચિ શુચિ નૌમિ જનક સુતાવરં.
શિર કિરિટ કુંડલ તિલક ચારૂ ઉદાર અંગ વિભુષણં,
આજાનુભુજ શરચાપધર સંગ્રામઃજિત ખર દુષણં.
ભજ દીન બંધુ દિનેશ દાનવ દલન દુષ્ટ નિકંદનં,
રઘુનંદ આનંદ કંદ કોશલચંદ દશરથનંદનં.
ઇતિ વદીત તુલસીદાસ શંકર શેષ મુનિ મન રંજનં,
મમ હૃદયકંજ નિવાસ કુરૂ કામાદિ ખલદલ ગંજનં

કીર્તન ૨૯ મું.

ડાકોરના ઠાકોરરે કરૂં એક વીનતીરે,
છો તમે નોધારાના આધાર;
વસમી વેળા આવો રે વ્રજવાસી વીઠલારે;
દયા કરી દર્શન દેશો મોરાર. ડાકોરના. ૧
સતત મેં સેવ્યારે વીષય પંચને રે,
કોઇ દીન લીધું નથી હરિનામ;
મોહ મદીરા મદમાં રે, મસ્ત બની માલીઓરે.
વ્હાલા નથી લાગ્યા સુન્દર શ્યામ. ડાકોરના. ૨
આવે મારે અંતરરે મોજાં કામ ક્રોધનાંરે,
મીઠી લાગે માયાની મધલાળ;
અંધારાં ઉલેચ્યાં રે પ્રેમદાના પાસમાંરે;
વિસાર્યા શ્રી નંદ જસોદાના બાળ. ડાકોરના. ૩
સુતવિત દારા સ્નેહેરે સંભાર્યા નહી નાથજીરે,
પડયો પડયો સડીયો આખે અંગ;
ટોહ્યું ત્યાંથી ન કાઢ્યું રે સમજણ લાવી શામળા રે,
ભૂલ્યો ત્યાંથી ફરીથી ગણ્યું ના શ્રીરંગ. ડાકોરના ૪
શીખામણ ના માની રે શાસ્ત્રને સંતની રે,
ફર્યો બની વિષયી થયો હું ખુવાર;
ભીખાલાલના બેલી રે દોશ ન જોશો માહારારે;
નથી મારે અવર તણો આધાર. ડાકોરના. ૫

૫૪૭૫

॥ શ્રી રણછોડરાય. ॥



કીર્તન ૩૦ મું.

ડાકોર પધાર્યા રે ગુર્જર ખંડ તારવા રે,
તજી હરિ દ્વારાપુરી નીજ ધામ;
બોલડીયે બંધાયા રે બોડાણાની બેલમાં રે,
ભક્તિ વશ થઇને પૂરણ કામ. ડાકોર.

દીધાં દીધાં દીધાં રે દર્શન સર્વને રે,
કીધાં કીધાં કોટીક પાપજ નાશ;
લીધાં લીધાં લીધાં રે સુખડાં—અખંડ ધામનાં રે
સીધ્યાં સીધ્યાં કારજ નિજ અવાસ. ડાકોર.

ધન્ય કુખ તારીરે બોડાણાની માતને રે,
ધન્ય ધન્ય ધન્ય તું રત્નની ખાણ,
સુંઠ તેંતો ખાધી રે તારી પ્રમાણ છે રે,
જન્મી-જગમાં નિશ્ચે લીધું લ્હાણ. ડાકોર.

ધન્ય છે બોડાણા રે રંગ તારી મુંછને રે,
વાગ્યો હરિ તાર્યો સઘળો દેશ;
મરદ મુછાળો રે જોયો જોયો તુજને રે,
બાકી ઉગ્યા સૌના મુખપર કેશ. ડાકોર.

ભક્તિટેક ધારીરે તુળસી ચઢાવીઆ રે,
ધન્ય ધન્ય ગંગાબાઇ તુજ નાર;
ધ્યાને ધાયા આવ્યા રે ભક્ત ભીડ ભાગવા રે;
નીરખ્યા નેત્રે શ્રી નંદકુમાર. ડાકોર.

કરૂણા મુજપર કરજો રે તમારો છું કૃષ્ણજી રે,
નથી મારે અવર આશ વિશ્વાશ;
ભીખાલાલના બેલી રે અંતે વેલા આવજો રે,
જાણી મને ચરણ કમળનો દાસ. ડાકોર.

મહાપુરૂષોનાં હિત વચન.



કીર્તન ૩૨ મું.

તમે નામ રામાનું રે લેતાં ડરસોમાં,
તમે ડરતા હોતો રે ફરીને લેસોમાં. તમે.
સંસારી કહે છે રે ભગતડાં જુઠાં છે,
તમે જુઠાં ન જાણજોરે, તેનાં મુળ ઉંડાં છે. તમે.
સંસારી કહે છે રે, ભગતડાં નાચે છે,
તમે નાચ્યાં ન જાણશો રે, પ્રભુને જાચે છે. તમે

સસારી કહે છે રે ભગતડાં કાલાં છે,
તમે કાલાં ન જાણજોરે રામાને મન વાલાં છે. તમે.
સંસારી કહે છે રે, ભગતડાં ઘેલાં છે,
તમે ઘેલાં ન જાણજો રે, રામાને મન પેલાં છે. તમે.
સંસારી કહે છે રે, તમારા રામ મેલા છે,
ભગત સો કહે છે રે, અમારા રામ સેલાં છે. તમે.

કીર્તન ૩૨ મું.

હરખે હરી ભજીલ્યો રે, આવી તક નહીં આવે વળતી,
વીજળી ઝબુકે મોતી પરોઇ લો, મનુષા દેહી નથી મલતી. હરખે.
સંત સમાગમ સંતથી કરીએ, વેગળા રહીએ કરથી. હરખે.
ડાહ્યા થઇને ડહાપણ કરો છો, માયા હીરલે ગળતી. હરખે.
એળે બેળે સીદ ખુવો છો, હારી જાશો ભવથી. હરખે.
કહે દ્વારકો હરી ભજ્યા વીણ, ચોરાસી નથી મટતી. હરખે.

કીર્તન ૩૩ મું.

નાના સરખા રે સીનાથજી રે, નાના સરખા રે હાથ;
નાની લકટીઓ કરધરી રે, સુંદર દીસો પ્રાણનાથ. નાના.
નાના સરખા રે ગોવાળીઆ, નાની સરખી રે ગાય;
માથે સીંગડીઓ સોભતી રે, ગૌધન ચરવા રે જાય. નાના.
નાની બંસીઓ કરધરી રે, હેર્યાં ગોપીઓનાં મન;
રૂડા નંદજીનો લાડીલો રે, રૂડું વંદ્રા રે વન. નાના.

નાની સરખી મોજડી રે, નાના સરખા રે પાઉ;
પાયે રમઝમ ઘુઘરા રે, અખટવી છુટા રે સાર. નાના.

પ્રભુજીના મુખ પર મોરલી રે, વાએ વેણુ રસાળ;
સબદે મોહી રે ગોપીકા, રોતાં મેલ્યાં છે બાળ. નાના.
કાળંદ્રીના કાંઠડે રે, ઉભા વગાડોછો વેણુ;
જાવાદોને જાદવા રે વ્રજમાં થાંસે પોકાર. નાના.
આંગળીસાહી તાંણુસો રે, પ્રભુ મારાં ધુજે છે અંગ;
સઘળી ગોપીકા રે આવસે, તમને હેરસે મારાજ. નાના.
માધવલાલની વીનતી રે, આપો શ્રી વ્રજમાં નીવાસ;
અમપાપો સહુ પર હરી રે, રાખો ચરણુાંની પાસ. નાના.

શ્રી રાધા કૃષ્ણની આરતી.

જય દેવ જય દેવ જય રાધા રમણુા પ્રભુ
જય ગોપીજન વલ્લભ (૨) દુઃખ સકળ સમના જય દેવ૦
જય જય કુંજ્જવિહારી, જય ગોકુલરાયા પ્રભુ૦
વ્રજવિધુ રાસવિહારી (૨) નિજજન સુખદાયા, જય દેવ૦
જય વંદ્રાવન વાસી, જય જય ગિરિધારી પ્રભુ૦
ગોપીજન મન રજન (૨) જય મોરલીધારી, જય દેવ૦

જય દેવકી નંદન, જય મથુરાધીસા પ્રભુ૦
નંદ યશોદા નંદન [૨] જય જય જગ દીસા, જય દેવ૦
જય જય કંશનિકંદન, દાનવ કુળ દલના, પ્રભુ૦
ભક્તજન પ્રતિપાલક [૨] જજ દુર્જન છલના; જય દેવ૦
જય સુંદર શાંમલીયા, પીતાંબર ધારી. પ્રભુ૦
મોરમુકુટ શિર શોભે [૨] અતિ મંગળ કારી; જય દેવ૦
કર્ણ વિષે શુભ કુંડલ, મકરાકૃતિ શોભે, પ્રભુ૦
નાસાગ્રે મુક્તાફળ [૨] જોતાં મન લોભે જય દેવ૦
હૃદયે કૌસ્તુભ ઝળકે મણિમુક્તામાળા, પ્રભુ૦
બાંહે બાજુ બીરાજે (૨), અતિશય તેજાળા, જય દેવ૦
ભાલે તિલક વિશાળ, શોભે મૃગમદનું, પ્રભુ૦
વનમાળા પર ગુંજે (૨), ટીલું પટ પદનું; જય દેવ૦
હસિત વદન કરી ઊભા, મુજ સમું જોઈ, પ્રભુ૦
કૃપા કટાક્ષે દુખડાં (૨) સહુ નાખ્યાં ખોઈ; જય દેવ૦
એવા હરિને નિરખી, લ્હાવો સર્વ લહ્યો, પ્રભુ૦
પ્રપંચ આશા છુટી (૨), ભવ ભય ભસ્મ થયો જય દેવ૦
હવે વિનતિ એટલી, શ્રીહરિ તમ ચરણે, પ્રભુ૦
મને નિરન્તર રાખો (૨), દાસ કરી શરણે; જય દેવ૦

સમાપ્ત.

જાહેર ખબર.

સોના ચાંદીના ફેન્સી દાગીના બનાવનાર
તથા વાયદાસર કામ કરી
આપનાર, બહારગામના
ઓરડર ઉપર પુરતું
ધ્યાન આપનાર.

એકવાર કામ પાડી ખાત્રી કરવા
મહેરબાની કરશો.

સોની માણીલાલ ભુદરદાસ.

ઠે. શાહપુર નાની રંગીલા પોળ.

અમદાવાદ.